BUSINESS મિત્ર

વૈશ્વિક વંટોળ વચ્ચે શેરબજારમાં સતત ત્રીજા અઠવાડિયે ગાબડું

5 મહિનામાં ઘટાડાનો સૌથી લાંબો ગાળો

મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સુધારો ચાલુ રહ્યો: મોટા ભાગના આઇપીઓ પ્રીમિયમથી લિસ્ટીંગ થયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 29: વૈશ્વિક અનિશ્ચિતા વચ્ચે ભારતીય શેરબજાર સતત ત્રીજા સપ્તાહમાં ઘટાડા સાથે બંધ રહ્યો છે. છેલ્લા પાંચ મહિનામાં ઘટાડાનો આ સૌથી લાંબો સમયગાળો છે. મિશ્ર વૈશ્વિક સંકેતો, વધતા ભૌગોલિક રાજકીય તણાવ, ક્રૂડ ઓઇલના ઊંચા ભાવો અને યુએસ બોન્ડ યીલ્ડમાં વધારાએ રોકાણકારોના સેન્ટિમેન્ટને નકારાત્મક અસર કરી છે. જો કે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોનો મજબૂત પ્રવાહ, મિડ-કેપ અને સ્મોલ-કેપ સેગમેન્ટમાં તેજી અને સપ્તાહના અંતે આઇટી શેરોમાં પુનઃપ્રાપ્તિને કારણે ઘટાડો ઘટાડવામાં અને સાપ્તાહિક ઘટાડાને મર્યાદિત કરવામાં મદદ મળી હતી. આગામી સપ્તાહમાં પણ શેરબજારમાં બેઉતરફી વધઘટ ચાલુ રહેવાની સંભાવના છે. જો ફેડરલ રિઝર્વ વ્યાજદર વધારાની દિશામાં આગળ વધશે તો વધઘટ વધુ તોફાની બની શકે છે.

સેન્સેક્સ નિફ્ટીમાં ઘટાડો જોવા મળ્યો. જોકે, મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સુધારાની ચાલ આઘળ વધતી જોવા મળી હતી. બીજી તરફ, પ્રાયમરી બજારમાં મોટા ભાગના આઇપીઓના લિસ્ટીંગ પ્રીમિયમથી થતા જોવા મળ્યા છે. જે રોકાણકારોને નવા રોકાણ માટે બુસ્ટ આપી રહ્યા છે. જોકે, આઇપીઓ બજારમાં નવા ઇશ્યૂઓની વણઝારના કારણે સેકેન્ડરી બજારમાં વેચવાલીનું દબાણ વધી રહ્યું છે અને તેઓનું રોકાણ આઇપીઓ તરફ વળી રહ્યું છે.

ગયા અઠવાડિયે બીએસઈ સેન્સેક્સ 276.32 પોઇન્ટ એટલે કે 0.35 ટકા ઘટીને 77264.51 પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી 76.35 પોઇન્ટ એટલે કે 0.21 ટકાના ઘટાડા સાથે 24175.65ના સ્તર પર બંધ રહ્યો હતો. સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ગ્લેનમાર્ક ફાર્મા, એલઆઇસી હાઉસિંગ ફાઇનાન્સ અને લોરસ લેબ્સની આગેવાની હેઠળના નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ 0.5 ટકાના વધારા સાથે બંધ થયા હતા. તે જ સમયે, કેપ્રી ગ્લોબલ કેપિટલ, આઇડીબીઆઇ બેન્ક, આઇએફસીઆઇ અને એથર એનર્જીમાં બે આંકડાના વધારાને કારણે નિફ્ટ સ્મોલકેપ ઇન્ડેક્સમાં 0.5 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

વિવિધ ક્ષેત્રોની કામગીરી મિશ્ર હતી. નિફ્ટી મેટલ, આઇટી, ફાર્મા અને હેલ્થકેર ઈન્ડેક્સમાં 2 ટકાથી વધુનો વધારો થયો છે, જ્યારે નિફ્ટી કેપિટલ માર્કેટ્સ ઇન્ડેક્સમાં 1.5 ટકાનો વધારો થયો છે.

બીજી તરફ નિફ્ટી એફએમસીજી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સમાં 1 ટકાનો ઘટાડો નોંધાયો છે. જ્યારે નિફ્ટી ઓટો અને ડિફેન્સ ઇન્ડેક્સ પણ લગભગ 1 ટકા ઘટીને બંધ થયા છે.

બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં આ અઠવાડિયે 1 લાખ કરોડ રૂપિયાથી થોડો ઘટાડો થયો છે, જેનું મુખ્ય કારણ મોટી કંપનીઓના શેરમાં ઘટાડો થયો છે. માર્કેટ વેલ્યુમાં સૌથી મોટો ઘટાડો રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના કારણે થયો છે, ત્યારબાદ ભારતી એરટેલ, એચડીએફસી બેંક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો ક્રમ છે. બીજી તરફ, કોટક મહિન્દ્રા બેંક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને ઇન્ફોસિસ આ અઠવાડિયે ટોચના સંપત્તિ સર્જકો હતા. એફઆઇઆઇ સતત બીજા સપ્તાહે નેટ સેલર્સ રહ્યા અને આ અઠવાડિયે 20260 કરોડ રૂપિયાના શેરનું વેચાણ કર્યું હતું. તે જ સમયે, ડીઆઇઆઇએ બજારને ટેકો આપવાનું ચાલુ રાખ્યું હતું અને સપ્તાહ દરમિયાન ઇક્વિટીમાં 19309.93 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. આ સપ્તાહમાં રૂપિયામાં બે સપ્તાહનો ઘટાડો થયો હતો, જે રજાઓને કારણે ટૂંકા હતા. અમેરિકન ડોલર સામે તે 32 પૈસા વધીને 95.38 રૂપિયા પર બંધ રહ્યો હતો.

મ્યુચ્યુઅલ ફંડ્સમાં મહિલાઓનું રોકાણ રૂ. 15.88 લાખ કરોડે પહોંચ્યું!

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરતા દર ચારમાંથી એક મહિલા

દેશમાં 1.61 કરોડ મહિલાઓનું MFમાં રોકાણ SIP દ્વારા રોકાણનો હિસ્સો પણ 29.8 ટકા

મુંબઈ, તા. 29: મ્યુચ્યુઅલ ફંડ્સમાં મહિલાઓની ભાગીદારી ઝડપથી વધી રહી છે. મહિલાઓ સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP)દ્વારા પણ રોકાણ વધારી રહી છે. દેશભરમાં 1.61 કરોડ મહિલાઓ રોકાણ કરી રહી છે. નાનાં શહેરોમાંથી પણ ભાગીદારી વધી છે, અને SIP દ્વારા રોકાણનો હિસ્સો પણ 29.8 ટકા થયો છે. મ્યુચ્યુઅલ ફંડમાં મહિલા રોકાણકારોની સંખ્યા અને AUMમાં ઉછાળો આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં તેમની કુલ સંપત્તિ (AUM) રૂ. 5.84 લાખ કરોડથી વધીને રૂ. 15.88 લાખ કરોડ થઈ છે. યુવાન મહિલાઓ ઇક્વિટી ફંડ્સમાં વધુ રોકાણ કરી રહી છે, ત્યારે જેમ ઉમર વધે તેમ તેઓ સુરક્ષિત અને સંતુલિત રોકાણ તરફ જઈ રહ્યા છે.

એમ્ફી-ક્રીસીલ ફેક્ટબુક 2026 મુજબ, માર્ચ 2026 સુધીમાં, આશરે 6.09 કરોડ રોકાણકારોમાંથી, 1.61 કરોડ મહિલાઓ છે. આમ, દર ચાર મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોમાંથી લગભગ એક મહિલા છે.

છેલ્લા પાંચ વર્ષમાં મ્યુચ્યુઅલ ફંડમાં મહિલાઓની કુલ સંપત્તિ (એયુએમ) પણ લગભગ ત્રણ ગણી વધીને રૂ. 15.88 લાખ કરોડ થઈ ગઈ છે.

મહિલાઓમાં એસઆઇપીની લોકપ્રિયતા પણ ઝડપથી વધી છે. મહિલા રોકાણકારોનો એસઆઇપી એયુએમ માર્ચ 2021માં રૂ. 1.26 લાખ કરોડથી વધીને માર્ચ 2026માં રૂ. 4.73 લાખ કરોડ થયો છે, જે પાંચ વર્ષમાં લગભગ ચાર ગણો વધારો દર્શાવે છે. કુલ મહિલાઓના એયુએમમાં સિપનો હિસ્સો પણ 15.2 ટકાથી વધીને 29.8 ટકા થયો છે.

મ્યુચ્યુઅલ ફંડમાં મહિલાઓની ભાગીદારી માત્ર સંખ્યા અને એયુએમમાં જ વધી રહી નથી, પરંતુ તેમની રોકાણ વ્યૂહરચના પણ બદલાઈ રહી છે. યુવાન મહિલાઓ એસઆઇપી દ્વારા ઇક્વિટીમાં વધુને વધુ રોકાણ કરી રહી છે, જ્યારે જેમ જેમ તેમની ઉંમર વધતી જાય છે, તેમ તેમ તેઓ હાઇબ્રિડ અને ડેટ ફંડમાં વધુ રોકાણ કરે છે. આમ તેઓ તેમના પોર્ટફોલિયોમાં ઉમર પ્રમાણે જોખમ લેતી હોવાનું દર્શાવે છે. નાના શહેરોમાં મહિલાઓ દ્વારા થતા રોકાણમાં વધારો થઈ રહ્યો છે. માર્ચ 2026 માં, T 30 શહેરો (દેશના 30 સૌથી મોટા શહેરો)માં મહિલાઓના એયુએમમાં 74 ટકા હિસ્સો ધરાવતા હતા, જ્યારે B 30 શહેરો (નાના શહેરો) નો હિસ્સો 26 ટકા હતો. પાંચ વર્ષ પહેલાં, B 30 શહેરોનો હિસ્સો 23 ટકા હતો.

કોર્પોરેટ ગેરંટી આપવાના વ્યવહાર પર તા. ૨૬-૧૦-૨૩ થી GST લાગુ નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

સામાન્ય રીતે પોતાની સબસીડિયરી કંપની માટે અપાતી કોર્પોરેટ ગેરંટી માટે હોલ્ડિંગ કંપની દ્વારા કોઈ અવેજ વસૂલ કરવામાં આવતો નથી. ત્યારે ના. 26-10-2023 ના રોજ નિયમ 28(2) દાખલ કરીને... આવી કોર્પોરેટ ગેરંટીની સેવા આપવા બદલ અવેજની રકમ નિયત કરવામાં આવી છે. પરંતુ આ સુધારો અને પરિપત્રોના આધારે... જ્યારથી GSTનો કાયદો અમલમાં આવ્યો ત્યારથી... આવા વ્યવહાર પર વેરો, વ્યાજ અને દંડ ચૂકવવાની નોટિસો ખાતા તરફથી પાઠવવામાં આવી ત્યારે આ કાયદાકીય જોગવાઈ, પરિપત્રો અને નોટિસોને રીટ-પીટીશન દાખલ કરીને ના. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકરવામાં આવી અને ના. હાઈકોર્ટે તાજેતરમાં ચૂકાદો આપીને... કોર્પોરેટ ગેરંટી આપવાના વ્યવહાર પર વેરો લાદતી જોગવાઈ કાયદેસરની ઠરાવવાની સાથે... તેવો વેરો તા. 26-10- 2023 થી જ લાગુ પડે તેમ ઠરાવેલ છે. ખેર! ના. હાઈકોર્ટના ટોરન્ટ પાવર લી. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા-સ્પે. સી.એપ્લી. નં. 12175/2024ના તા. 14-08-2026ના ચૂકાદા તરફ સંક્ષિપ્તમાં એક નજર નાંખીએ તો.

ના. હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે...

1. GST કાયદાની કલમ 7 (1) (સી) હેઠળ શિડયુલ 1માં નિર્દિષ્ટ વ્યવહારો અવેજ લીધા વગર કરવામાં આવેલ હોય તો પણ તેને સપ્લાય ગણવાની જોગવાઈ છે...

(2) ના. સુપ્રિમકોર્ટના મોહિત મીનરલ્સના ચૂકાદા અનુસાર કલમ 7 હેઠળ સપ્લાયનો વ્યાપ વિસ્તૃત છે અને ના. હાઈકોર્ટના મતે બેંક કે નાણાંકિય સંસ્થાઓને લોન લેનાર સબસીડિયરી કંપની સામે જેટલા હક હતા

કાયદાની કેડીએ...
ઈશ્વર ફૂદલાલ

તે બધા જ હક ગેરંટી આપનાર હોલ્ડીંગ કંપનીને પ્રાપ્ત થાયછે અને તેથી હોલ્ડીંગ કંપનીએ સબસીડિયરી કંપની એ બંને રીલેટેડ પર્સન ગણાયઅને કોર્ટના મતે... શિડયુલનની એન્ટ્રી મુજબ રાલેટેડ પર્સન વચ્ચે માલ કે સેવાનો વ્યવહાર ધંધાના વિકાસ માટે કરવામાં આવે તો તેવો વ્યવહાર અવેજ લીધા વગર કરવામાં આવે તો પણ તેવો વ્યવહાર સપ્લાય ગણાય ત્યારે કોર્પોરેટ ગેરંટી આપનાર હોલ્ડીંગ કંપની દ્વારા સબસીડિયરી કંપની પાસે કોઈ અવેજ લેવામાં આવેલ ન હોય તો પણતે સપ્લાયનો વ્યવહાર ગણાય.

(4) શિડયુલ 2ની એન્ટ્રી 5 (ઇ) ધ્યાનમાં લેવામાં આવે તો સબસીડિયરી દ્વારા લોન ભરપાઈ કરવામાં ચૂક થાય તો. ભરપાઈ કરવાની જવાબદારી સ્વીકારવાનો વ્યવહાર ગણાય અને તે રાતે હોલ્ડીંગ કંપની દ્વારા સબસીડિયરી કંપનીને સેવાના સપ્લાયનો વ્યવહાર ગણાય. (4) ના હાઈકોર્ટ નોંધ્યું કે કોરપોરેટ ગેરંટીએ એક ગૃપની કંપનીઓ વચ્ચેની આંતરીક બાબત છે અને તે સંદર્ભમાં GST કાઉન્સિલની પરમી મીટીંગની મીનીટ્સ ધ્યાનમાં લીધી જે મુજબ ગેરંટી આપવા કોઈઅવેજ વસૂલ ન કરવામાં આવેલ હોય ત્યારે ઈન્કમટેક્ષના નિયમ 28(2)માં સ્વીકાર કરવામાં આવેલ છે. આમ કોર્ટે ઠરાવ્યું કે કોરપોરેટ ગેરંટીનું મુલ્ય ગેરંટીની રકમના 1 ટકા નક્કી કરતી નિયમ 28 (2) ની જોગવાઈ યોગ્ય છે. અને

ના. હાઈકોર્ટે ઠરાવ્યું કે જેટલી રકમની ગેરંટી આપવામાં આવી હોય તે રકમ પર 1 ટકા લેખે વેરો ચૂકવવાની જવાબદારીની પરંતુ દરેક વર્ષે જેટલી ગેરંટીની રકમ બાકી રહેતી હોય તેના પર વેરો બાદી શકાય નહીં એમ જણાવી રાટ-પીટાશનો અંશતઃ મંજૂર કરી.

BSE 200ની દર બીજી કંપની આ વર્ષે રિટર્ન આપવામાં નિષ્ફળ

છેલ્લાં 3 વર્ષમાં સૌથી ખરાબ સ્થિતિ; IT અને FMCGની 12માંથી 9 કંપનીઓ ફ્લોપ, રિટર્ન આપવામાં હિટાચી એનર્જી (85%) ટોપ પર

મુંબઈ, તા. 29: વર્ષ 2026માં અત્યાર સુધી શેરબજારમાં તેજી મર્યાદિત કંપનીઓ સુધી હોય તેવું લાગે છે. બીએસઈ 200 જટેલી 97 કંપનીઓએ આ વર્ષે હજુય સુધી કોઈ વળતર આપ્યું નથી. ઈન્ડેક્સમાં આશરે 49 ટકા કંપનીઓ છે. આ સુચવે છે કે બજારની કામગીરી પસંદગીના કેટલાક શેરો સુધી મર્યાદિત છે, જ્યારે મોટી સંખ્યામાં કંપનીઓના શેર દબાણ હેઠળ છે. આ સ્થિતિ છેલ્લા બે વર્ષ કરતા વધુ નબળી છે. 2023 અને 2024ના સમાન સમયગાળામાં બીએસઈ 200માં માત્ર 10થી 20 ટકા કંપનીઓ એવી હતી, જેણે વળતર આપ્યું નહતું. 2025ના પ્રથમ આઠ મહિનામાં પણ લગભગ અડધી કંપનીઓ રિટર્ન ન આવાનું વલણ ધરાવે છે. એટલે કે બજારની પહોળાઈ એટલે કે બુલિશનેસમાં કેટલા શેરો ભાગ લઈ રહ્યા છે, તે અગાઉની સરખામણીમાં નબળી પડી છે.

આ વર્ષે સેન્સેક્સ પણ દબાણમાં છે. 1લી જાન્યુઆરીએ 85220થી ઘટીને 28 ઓગસ્ટે 77264 પોઇન્ટ એટલે કે અંદાજે 9 ટકા જેટલો ઘટ્યો છે. ઓટોમોબાઇલ્સ, સિમેન્ટ, એફએમસીજી અને આઇટી સેક્ટર નબળા દેખાવમાં અગ્રેસર રહ્યા હતા.

બજારની આ નબળાઈની અસર રોકાણના અન્ય સ્ત્રોતોમાં પણ જવા મળે છે. માર્ચમાં રેકોર્ડ રૂ. 32087 કરોડ સુધી પહોંચ્યા બાદ માસિક એસઆઇપી પ્રવાહ આ સ્તરથી નીચે રહ્યો છે. એસઆઇપી દ્વારા મ્યુચ્યુઅલ ફંડમાં નિયમિત રોકાણ થાય છે. તેના પ્રવાહની ગતિમાં મંદી સુચવે છે કે સ્થાનિક રોકાણ પહેલાની જેમ ચાલુ નથી. ઉલ્લેખનીય છે કે, આઇટી સેક્ટરમાં બીએસઈ 200ની 12 કંપનીઓમાંથી 09 કંપનીઓએ અત્યાર સુધીમાં રિટર્ન આપ્યું નથી. યુએસમાં માગ ધીમી પડવાની ચિંતા અને વિવેકાધીન ખર્ચમાં મંદીની ચિંતાએ આ ક્ષેત્ર પર દબાણ વધાર્યું છે. આ સિવાય ટેકનોલોજીલ ફેરફારોને લઈને રોકાણકારોની ચિંતા પણ વધી છે. એફએમસીજી કંપનીઓનું પણ ચિત્ર વધુ સારૂં રહ્યું નથી. એટલું જ નહીં, 12 કંપનીમાંથી 9 કંપનીઓએ હજુય સુધી નફો નોંધાવ્યો નથી. કાચા માલના વધતા ખર્ચથી કંપનીઓના કુલ માર્જિનને અસર થઈ શકે છે.

વીમા કંપનીઓનું પ્રદર્શન પણ નબળું હતું. બીએસઈ 200માં છ વીમા કંપનીઓમાંથી કોઈએ પણ આ વર્ષે હજુય સુધી વળતર આપ્યું નથી. જોકે, ઉપલબ્ધ ડેટા આ ક્ષેત્રના નબળા પ્રદર્શન માટે અલગ કારણ આપતો નથી.

તેનાથી વિપરીત, કેપટીલ ગુડઝ સેકટર બજારના મજબૂત ભાગોમાં રહ્યું હતું. બીએસઈ 200ની 10માંથી 7 કેપિટલ ગુડઝ કંપનીઓએ સકારાત્મક વળતર આપ્યું છે. રસ્તા, રેલેવ, વીજળી, સંરક્ષણ અને શહેરી માળખાકીય સુવિધાઓ પર સરકારી ખર્ચને આ વિરોધ પાછળનું મુખ્ય કારણ ગણાવવામાં આવ્યું છે. આ ક્ષેત્રોમાં વધેલું રોકાણ મશીનરી, સાધનો અને પ્રોજેક્ટ કંપનીઓના વ્યવસાયને ટેકો આપે છે. જેના કારણે આ ક્ષેત્રની કંપનીઓના શેરમાં રોકાણકારોની રૂચિ વધી છે.

બીએસઈ 200 શેરોમાં આરવીએનએલ સૌથી નબળા પ્રદર્શન કરનારાઓમાંનો એક હતો. જે આ વર્ષે અત્યાર સુધીમાં 40 ટકા ઘટ્યો છે. પતંજલિ ફુડસમાં લગભગ 36 ટકા અને આઇટીસી 33 ટકા વધારો થયો હતો.

બીજી તરફ, કેટલીક કંપનીઓએ નબળા બજારના વાતાવરણ વચ્ચે પણ મજબૂત વળતર આપ્યું છે. હિટાચી એનર્જીના શેરમાં 85 ટકા, સોલાર ઈન્ડ. 68 ટકા અને અદાણી એનર્જીમાં 57 ટકાનો વધારો થયો છે.

આમ, બીએસઈ 200માં 2026માં પ્રદર્શન એકદમ અસમાન રહ્યું છે. લગભગ 49 ટકા કંપનીઓએ અત્યાર સુધઈમાં કોઇ રિટર્ન આપ્યું નથી, જ્યારે કેપિટલ ગુડઝ કેટલીક કંપનીઓ અને કેટલાક પસંદગીના શેરોમાં મજબૂત વધારો થયો છે.

ફેડ ચેરમેનના નિવેદન બાદ સોનુ 4500 ડોલરની નીચે સરકયું

બલ માર્કેટમાં ગોલ્ડ 3.18% તૂટી $4,454 પર પહોંચ્યું

નવી દિલ્હી, તા. 29: વિતેલા સપ્તાહમાં સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. યુએસ ફેડરલ રિઝર્વના ચેરમેન કેવિન વોર્શે જેકશન હોલમાં પોતાનું ભાષણ આપ્યા બાદ સોનામાં વેચાણનું દબાણ વધ્યું હતું.

ભાષણથી રોકાણકારોને પ્રારંભિક દરમાં ઘટાડાની અપેક્ષા રાખવાને બદલે ફુગાવા પર હોકીશ વલણ અપનાવવા માટે પ્રેરણા મળી. આની સીધી અસર સોનાના ભાવ પર પડી હતી અ આંતરરાષ્ટ્રીય બજારમાં સોનુ 3.18 ટકા ઘટીને 4454 ડોલર થઈ ગયું હતું. અમેરિકન માર્કેટમાં આ ઘટાડાની અસર ભારતીય બજારમાં જોવા મળી હતી. આ ઘટાડો સોના માટે પણ મહત્વપુર્ણ છે, જે છેલ્લા કેટલાક સમયથી આગળ વધી રહ્યો છે, કારણ કે બજારે ફરીથી એકવાર યુએસ વ્યાજદર, ડોલર અને બોન્ડ યીલ્ડ અંગે ચિંતા વધારી છે.

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૧૫૨૦
તેજાબી સોનું	૧૬૧૪૩૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૩૪૪૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૫૮૨૯૦
સોનાનાં બિસ્કીટ	૧૬૧૫૨૦૦
ચાંદી (૯૯૯)	૨૪૪૨૦૦
ચાંદી સિક્કા	૨૪૫૭૦૦

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૮૦૦
એમ-૩૦	૫૮૦૦
એસ-૩૦	૫૭૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ''	૧૪૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૮૦.૫	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૬૭
૩૦/૩૬ એફડી	૨૮૬	૫૦/૪૮ SD/કેપ	૨૫૯	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૨
૬૨/૩૬ ક્રિમ્પ	૧૫૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૩	૩૦/૧૪ ક્રિમ્પ	૨૦૫.૨૫
૬૮/૩૬	૧૫૬.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૬૦.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૫૪.૫	૧૦૦ ટેક્ષ	૧૫૨	૬૮ ક્રિમ્પ	૧૫૯
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૫૬
૮૪/૪૮ ક્રિમ્પ	૧૫૨.૫	૮૦/૭૨ રોટો	૧૬૦.૫	૭૫ ક્રિમ્પ	૧૫૪
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૬૭	૮૦ ક્રિમ્પ	૧૫૪
૮૦/૭૨ રોટો.	૧૫૯.૭૫	૧૬૦ ડીસ્કેટ	૧૬૭	૮૦/૭૨ રોટો	૧૬૦
૮૦/૩૬ રોટો.	૧૫૮.૭૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૪.૨૫	૮૦/૧૦૮ ''	૧૬૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૫૯

પેટ્રોલ-ડીઝલ 3થી 5 રૂ. મોંઘા થવાના એંધાણ

યુએસ-ઈરાન તણાવથી ક્રૂડ $93 પાર

બળતણ આયાત બિલમાં 1.84 લાખ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ

નવી દિલ્હી, તા. 29: હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા તણાવ અને યુએસ-ઈરાન યુદ્ધની હાકલ માત્ર આંતરરાષ્ટ્રીય મુત્સુદીગીરીનો વિષય છે, ગલ્ફ દેશો પર છોડવામાં આવતી દરેક મિસાઈલ અને સમુદ્રમાં ફસાયેલા દરેક ઓઈલ ટેન્કરનું સીધું બિલ તમારા ખિસ્સામાંથી કાપવામાં આવે છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ કલીન એરના નવીનતમ વિશ્લેષણ મુજબ માર્ચથી ઓગસ્ટ 2026ના છ મહિનામાં હોર્મુઝ કટોકટીના કારણે વૈશ્વિક ઉર્જા બજારમાં તેજીએ ભારતના બળતણ આયાત બિલમાં 22 અબજ ડોલર એટલે કે લગભગ 1.84 લાખ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ થયો છે. ચોખ્ખી દ્રષ્ટિએ આ બોજ 14.4 અબજ ડોલર એટલે કે રૂ. 1.2 લાખ કરોડ છે, જે દેશના કુલ જીડીપીના 0.38 ટકા અથવા 1.4 દિવસની રાષ્ટ્રીય આવક બરાબર છે. યુરોપિયન યુનિયન 78 અબજ ડોલર અને ચીન 35 અબજ ડોલર પછી ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે સૌથી વધુ અસરગ્રસ્ત આયાતકાર છે. આ સમયગાળા દરમ્યાન બ્રેન્ટ ક્રુડની સરેરાશ કિંમત 93 ડોલર પ્રતિ બેરલ હોવાથી ભારતે વધારાના 20.5 અબજ ડોલર ચુકવવા પડ્યા હતા, જે 1990ના ગલ્ફ યુદ્ધ બાદ ક્રુડના ભાવમાં સૌથી લાંબો અને મજબૂત આંચકો છે. જો કટોકટી લાંબા સમય સુધી ચાલુ રહેશે તો કંપનીઓને નુકશાનમાંથી બચાવવા માટે સરકારને રિટેલ માર્કેટમાં 3થી 5 રૂપિયા પ્રતિ લિટરના ભાવમાં વધારો કરવાની ફરજ પડી શકે છે. જો ક્રુડ 95 ડોલર પ્રતિ બેરલથી ઉપર રહેશે તો ભાવમાં ફેરફાર કરવાનું દબાણ તીવ્ર વધશે.

દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

માથુ દુખે

ત્રણ, ચાર લવિંગ પાણી સાથે વાટી કપાળે લેપ કરવાથી દુખાવો મટે છે.

ઓન લાઈન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં - ૧૭ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોન નં ૦૨૬૪૦-૨૨૨૬૩૬ દ્વારા ૦૩ સિવિલ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી તથા લાયકાત ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૮.૪૨ લાખ અને ૨૨.૩૧ લાખની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૧૦/૦૯/૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.

માહિતી/નર્મદા/૨૩૩/૨૦૨૬-૨૭

રાજપીપળા નગરપાલિકા
ઈ-ટેન્ડરીંગ

આથી નીચે મુજબના કામો કરવાના હોઈ ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગત https://tender.nprocure.com પર જોવા મળશે. કોન્ટ્રાક્ટરશ્રી દ્વારા ટેન્ડરમાં માંગ્યા મુજબના પુરાવા જોડવાના રહેશે.

અ. નં.	કામનું નામ	કામની અંદાજીત રકમ	ઈ.એમ.ડી.	ટેન્ડર ફી
૧	રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં GVP વિકસાવવાનું કામ Tender ID-338089	૧૧૫૩૭૮.૫	૧૧૫૩૦.૦૦	૧૦૭૦.૦૦
૨	રાજપીપળા નગરપાલિકાના સ્વચ્છ શહેર સુંદર શહેર અંતર્ગતના કામ Tender ID-338092	૫૪૭૪૫૭.૯	૫૪૭૪૮.૦૦	૨૪૦૦.૦૦

» ટેન્ડર ડાઉનલોડ અને સબમિશન કરવાની તારીખઃ ૨૨/૦૮/૨૦૨૬ થી ૦૭/૦૯/૨૦૨૬
» ભૌતિક સબમીશન તારીખઃ ૧૦/૦૯/૨૦૨૬
» ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૧/૦૯/૨૦૨૬

૩	વર્ષ-૨૦૨૬-૨૭ રાજપીપળા નગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં રોડ રીસર્ફેસીંગના કામના વાર્ષિક ભાવ Tender ID-339210	૯૦૦૦૦૦૦.૦૦	૯૦૦૦૦.૦૦	૨૪૦૦.૦૦

» ટેન્ડર ડાઉનલોડ અને સબમીશન કરવાની તારીખઃ ૨૬/૦૮/૨૦૨૬ થી ૧૦/૦૯/૨૦૨૬
» ભૌતિક સબમીશન તારીખઃ ૧૧/૦૯/૨૦૨૬
» ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખઃ ૧૪/૦૯/૨૦૨૬

નગરપાલિકા કચેરી, રાજપીપળા

મુખ્ય અધિકારી
રાજપીપળા નગરપાલિકા

પ્રમુખ
રાજપીપળા નગરપાલિકા

માહિતી/નર્મદા/૨૩૫/૨૦૨૬-૨૭

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) |
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ - કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગટન રોડ, ચેતપેટ, ચેન્નાઈ- 600031.
Tel: +91 44 4564 4000 | Fax: +91 44 4564 4022

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની સેક્શન 13 (2) હેઠળ નોટિસ

નીચે જણાવેલ કરજદારો અને સહ-કરજદારોએ આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઇડીએફસી બેંક લિમિટેડ સાથે સંલગ્ન અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે મુજબની સુરક્ષિત લોન લીધી છે. નીચે જણાવેલ કરજદારો અને સહ-કરજદારોની લોન તેમની સંબંધિત મિલકતોના ગીરો દ્વારા સિક્યોર કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું